**ક્રિમીનલ અપીલ નંબરઃ- ૧૦/૨૦૨૬.**

## // આંક – ૧ નીચે હુકમ //

(૦૧) હાલની અપીલ અરજદાર/મુળ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૧૫ મુજબ ચાણસ્મા કોર્ટના ફોજદારી કેસ નં. ૫૨૬/૨૦૨૨ ના કામે થયેલ આદેશથી નારાજ થઈ દાખલ કરેલ છે. હાલની અપીલ દાખલ થતા બંને પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે.

(૦૨) આ કામે પક્ષકારો વચ્ચે અપીલના ચાલુ કામે સમાધાન થયેલ છે. આ કામે પક્ષકારોએ તેઓ વચ્ચે થયેલ સમાધાન અંગેની આંક – ૮ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને તેમાં જણાવ્યા મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. અરજદાર/આરોપીએ સામાવાળા/મુળ ફરીયાદીને ચેકની તથા વધારાના વળતરની રકમ પુરેપુરી ચુકવી દીધેલ છે. જેથી અરજદાર/આરોપીને અપીલના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા જણાવેલ છે. સદર કામે ઉપરોક્ત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા તથા પક્ષકારો વચ્ચે સમાધાન થયાની હકીકત નજર સમક્ષ રાખતા, જ્યારે આ કામના પક્ષકારોએ સમાધાન કરેલ છે અને સમાધાન પેટેની રકમ અરજદાર/આરોપીએ સામાવાળા/મુળ ફરીયાદીને ચુકવી આપેલ છે, તેવા સંજોગોમાં હાલની અપીલ આગળ ચલાવવા પાત્ર ન હોઈ, આ કામે હાલની અપીલ મંજુર કરી, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) અરજદાર/આરોપીની હાલની ક્રિમીનલ અપીલ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ચાણસ્માના વિ. જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસશ્રીએ તા.૨૭/૦૯/૨૦૨૩ ના રોજ ફોજદારી કેસ નં. ૫૨૬/૨૦૨૨ ના કામે કરેલ સજાનો આદેશ આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદાર/આરોપીને ક્રિમીનલ કેસ નં. ૫૨૬/૨૦૨૨ ના કામે નિર્દોષ ઠેરવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

..૨.....

(૪) સદર અપીલના કામે વચગાળાનો જો કોઈ હુકમ કરેલ હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર હુકમ લોક અદાલતમાં થયેલ હોઈ દંડ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૬) અરજદાર/આરોપીના જામીનખત ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

(૭) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

(૮) નીચેની કોર્ટના ક્રિમીનલ કેસનું અસલ રેકર્ડ આવેલ હોય તો સદર હુકમની નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ** 00524 )

( **BKP** )